ગાંધીનગર સમાચાર

## ડીસાના વાસણા ગામમાં યુવતીની છેડતી કરી તેના પિતા પર

# હુમલો કરનાર ત્રણ વિરુધ્ધ ડીસા તાલુકા પોલીસમાં ફરિયાદ

ડીસા, તા.૧

ડીસા તાલુકાના વાસણા ગામમાં છાસ લઈને ઘરે પરત આવી રહેલી સગીરાની ત્રણ યુવકો એ છેદતી કરતા તેના પિતા ઠપકો આપવા જતા ત્રણ ઈસમોં એ છરી વડે હુમલો કરી યુવતી ના પિતા ને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી જયારે ઈજાગ્રસ્ત ને સારવાર અર્થે ડીસા સિવિલ હોસ્પિટલમાં ખસેડી ત્રણ ઈસમોં સામે તાલુકા પોલીસ મથકે જીવલેણ હુમલો અને પોસ્કો મુજબ ફરિયાદ નોંધાયેલ છે.

આ બનાવ ની વિગત એવી છે કે, ડીસા તાલુકાના વાસણા ગામમાં રહેતા એક પરિવાર ની ૧૬ વર્ષીય સગીરા ગામમાં છાસ લેવા માટે ગઈ હતી તેમજ પરત આવતી વખતે એકલતાનો લાભ લઈ મુકેશ જેન્તીભાઈ દલિત નામના ઈસમે સગીરાનો હાથ પકડી છેડતી કરી હતી જો કે સગીરા ત્યાંથી હિંમત કરી નાસી છૂટી હતી અને ઘરે જઇ તેના પરિવાર ને જાણ કરી હતી જેથી સગીરાના પિતા છેડતી કરનાર શખ્સ ના ઘરે ઠપકો આપવા પહોંચી ગયા હતા પરંતુ ઠપકો આપતા ઉશ્કેરાઈ ગયેલા મુકેશ જેન્તીભાઈ દલિત તેના ભાઈ સુરેશ જેન્તીભાઈ દલિત અને તેના પિતા જેન્તીભાઈ હીરાભાઈ દલિતે છરી વડે તેમના પર હુમલો કર્યો હતો અને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.જયારે ઈજાગ્રસ્ત સગીરાના પિતાને સારવાર માટે ડીસા સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા જે અંગે સગીરાના પિતાએ ડીસા તાલુકા પોલીસ મથકે ત્રણેય હુમલાખોરો સામે ,જીવલેણ વ્યથા અને પોસ્કો મુજબ ફરિયાદ નોંધાવેલ છે.

# આજથી દશામાના પવિત્ર વ્રતનો પ્રારંભ

મોડાસા, તા. ૧

આજથી દશામાના પવિત્ર વ્રતની શરૂઆત થઈ રહી છે, ત્યારે વ્રતને લઈને મહિલાઓમાં ભારે થનગનાટ જોવા મળ્યો છે. મહિલાઓએ આ વ્રતને લઈને તડામાર તૈયારી પણ કરી દીધી છે. બજારોમાં દશામાના વ્રતને લઈને મહિલાઓની ભારે ભીડ જોવા મળી હતી. મહિલાઓ આજથી દશામાની સાંઢણીનું સ્થાપન કરીને દસ દિવસ સુધી પૂજા અર્ચના કરી મા ના ગુણગાન ગાશે. દશામાના વ્રત વિશે એવુ કહેવાય છે કે જેની દશા બગડી હોય એ દશામાના વ્રત અને પૂજા કરે એની દશામાં જરૂર પરીવર્તન આવે છે. દશામાના વ્રતને લઈને બજારોમાં વિવિધ પ્રકારની મુર્તિઓ વેચાતી નજરે પડતી હતી. મોડાસા બજારમાં મુર્તિનો વેપાર કરતા વેપારીના જણાવ્યાનુસાર દશામાના વ્રતના સમયે બજારમાં દશામાની મુર્તિની ભારે માંગ રહે છે. દશામાના વ્રતને લઈને મહિલાઓ દ્વારા સતત ૧૦ દિવસ સુધી પુજા અર્ચના કરવામાં આવે છે અને સવાર સાંજ આરતી તેમજ કથા કરવામાં આવે છે અને પ્રસાદની વહેંચણી કરવામાં આવે છે. આજથી શરૂ થતા વ્રતને લઈને મહિલાઓએ વિવિધ પ્રકારની ખરીદી કરી હતી જેને લીધે બજારો મોડી રાત સુધી ધમધમતા હતા.



સુરક્ષા સેતુ સોસાયટી સાબરકાંઠા દ્વારા સોમવારે મહિલા સશકિતકરણ અંતર્ગત મહિલા પથ પ્રદર્શન રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં કલેકટર પી.સ્વરૂપ તથા જિલ્લા પોલીસવડા અને પાલિકા પ્રમુખ નિલાબેન પટેલની ઉપસ્થિતિમાં રેલીને લીલી ઝંડી આપવામાં આવી હતી. આ રેલી હેડ કવાર્ટસની નીકળી શહેરના વિવિધ માર્ગો પર ફરી પરત આવી હતી.

# પ્રાંતિજમાં વીજ કંપનીના ધાંધિયા

## રહિશો કલાકો સુધી ગરમી અને ઉકળાટમાં પરેશાન થયા : રોષે ભરાયેલા રહિશો વીજ તંત્રની ઓફિસે દોડી આવ્યા



પ્રાંતિજ, તા. ૧

પ્રાંતિજના રેલવે સ્ટેશન વિસ્તારના રહિશો દ્વારા સવારની લખાયેલી વીજળીની ફરીયાદ રાત્રીના ૧૦ વાગ્યા સુધી પણ ઉકેલ ન આવતા રહિશો વિજકંપનીની ઓફિસે દોડી આવ્યા હતા પણ ઓફિસ ખુલ્લી પણ કોઈ જવાબદાર અધિકારી કે હેલ્પરો હાજર ન હતા અને રામ ભરોસે ઓફિસ રજળતી હતી. પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં અને જીઈબી ઓફિસની પાછળના ભાગે આવેલ ગલતેશ્વર ફીડરમાં સવારના નવ વાગ્યાની લાઈટો બંધ અને રહિશોએ ફરીયાદ કર્યા છતાં રાત્રીના અગિયાર વાગ્યા સુધી વિજ પ્રવાહ ચાલુ ના થતાં રાત્રીના સમયે આ વિસ્તારના રહિશો વિજકંપનીની ઓફિસ ખાતે દોડી આવ્યા હતા. ત્યારે ઓફિસ ખુલ્લી હતી અને માત્ર બહાર ચોકીદાર સિવાય કોઈ જવાબદાર અધિકારી કે હેલ્પરો હાજર ન હતા ત્યારે રહિશો ફરિયાદ કરે તો કોને કરે ત્યારે ફોન ઉપર રહિશો દ્વારા અધિકારી સોની સાથે રહિશોએ ફરીયાદ કરતાં મારી નોકરી નથી હુ દિવસે હોવુ છુ અને બાજુમાં કોટ્સમાં રહેતા હોવા છતાં માનવતાની દષ્ટીએ પણ ડોકીયુ કર્યુ પણ કરવા આવ્યા ન હતા ત્યારે રહિશોએ વિજ કંપનીના એન્જીનીયર ઉપાધ્યાયને ફોન કરતા તેમણે જણાવ્યું કે અડધો કલાકમાં હેલ્પરો આવે છે અને તે ચિલોડા ગયા છે ત્યારે સવાલ એ ઉભો થાય છે કે નોકરી ચાલુ હોવા છતાં હેલ્પરો ચાલુ નોકરીએ અમદાવાદ-ચિલોડા કેમ ગયા હતા અને ચોમાસાને લઈને ઈમરજન્સી હોવા છતાં ઓફિસ રામભરોસે છોડીને કેમ ગયા હતા ત્યારે તંત્ર દ્વારા હાલમાં ચોમાસાની સિઝન હોવાથી ૨૪ કલાક એલેર્ટ રહેવાની સૂચના છતાં હાલ તો જીઈબીની લાલીયાવાડીનો ઉત્તમ નમૂનો પ્રાંતિજનો છે ત્યારે તંત્ર હવે આવા જવાબદારો સામે શુ એક્શન લેશે એ તો હવે જોવાનું રહ્યું.

# વાસણા ગામે યુવતીની છેડતી કરી તેના પિતા પર હૂમલો કરનાર ત્રણ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ

ડીસા, તા. ૧

ડીસા તાલુકાના વાસણા ગામમાં છાસ લઈને ઘરે પરત આવી રહેલી સગીરાની ત્રણ યુવકોએ છેડતી કરતા તેના પિતા ઠપકો આપવા જતા ત્રણ ઈસમોએ છરી વડે હૂમલો કરી યુવતીના પિતાને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી, જ્યારે ઈજાગ્રસ્તને સારવાર અર્થે ડીસા સિવિલ હોસ્પિટલમાં ખસેડી ત્રણ ઈસામો સામે તાલુકા પોલીસમથકે જીવલેણ હૂમલો અને પોસ્કો મુજબ ફરિયાદ નોંધાવેલ છે.

આ બનાવની વિગત એવી છે કે, ડીસા તાલુકાના વાસણા ગામમાં રહેતા એક પરિવારની ૧૬ વર્ષીય સગીરા ગામમાં છાસ લેવા માટે ગઈ હતી તેમજ પરત આવતી વખતે એકલતાનો લાભ લઈ મુકેશ જેન્તીભાઈ દલિત નામના ઈસમે સગીરાનો હાથ પકડી છેડતી કરી હતી. જો કે સગીરા ત્યાંથી હિંમત કરી નાસી છુટી હતી અને ઘરે જઈ તેના પરિવારને જાણ કરી હતી જેથી સગીરાના પિતા છેડતી કરનાર શખ્સના ઘરે ઠપકો આપવા પહોંચી ગયા હતા.

પરંતુ ઠપકો આપતા ઉશ્કેરાઈ ગયેલા મુકેશ જેન્તીભાઈ દલિત તેના ભાઈ સુરેશ જેન્તીભાઈ દલિત અને તેના પિતા જેન્તીભાઈ હીરાભાઈ દલિતે છરી વડે તેમના પર હૂમલો કર્યો હતો અને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જ્યારે ઈજાગ્રસ્ત સગીરાના પિતાને સારવાર માટે ડીસા સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જે અંગે સગીરાના પિતાએ ડીસા તાલુકા પોલીસમથકે ત્રણેય હૂમલાખોરો સામે જીવલેણ વ્યથા અને પોસ્કો મુજબ ફરિયાદ નોંધાવેલ છે.

# મોડાસા જેસીઆઈ દ્વારા મચ્છરદાનીનું વિતરણ કરાયું



મોડાસા, તા. ૧

જુનીયર ચેમ્બર ઓફ ઈન્ડીયા-મોડાસાના પ્રમુખ ડૉ. સંતોષ દેવકરના અધ્યક્ષસ્થાને જરૂરીયાતમંદ લોકો માટેનો કાર્યક્રમ યોજાયો.

મચ્છરદાની વિતરણના આ કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લા વિકાસ અધિકારી વિશાલ ગુપ્તાએ ઉદ્‌ઘાટન કર્યું હતું. કાર્યક્રમનું આયોજન જેસીઆઈ મોડાસાના સભ્યોએ કર્યુ હતુ. મોડાસાના જુદા જુદા વિસ્તારોમાંથી જરૂરીયાતવાળા લોકોની નામાવલી મંગાવવામાં આવી હતી. તે મુજબ જેસીસ મિલ્ક કમિટીના ચેરમેન નવનીતભાઈ પરીખ, ડૉ. કંદર્પ પ્રજાપતી, મિલ્ક કમીટીના ઉપપ્રમુખ હર્ષદભાઈ જોશી, નાયબ કાર્યપાલક ઈજનેર દીપકભાઈ ઠેકડી, પ્રોજેક્ટ ચેરમેન ભરતભાઈ સોની દ્વારા મચ્છરદાની વિતરણ કરાયું હતું.

ઘરની આસપાસ ગંદકી ન રહે અને સ્વચ્છતાનું મહત્વ કેળવાય તે માટે એકસો ઘર માટે સો વ્યક્તિઓને દવાવાળી મચ્છરદાની આપવામાં આવી હતી.

જેસી ભાવેશ જયસ્વાલ, જેસી અલ્પેશ પટેલ, જેસી કંદર્પ પ્રજાપતી, જેસી મધુસૂદન વ્યાસ, જેસી અશોક શ્રોફ, જેસી નિલેશ જોષી, જેસી કીર્તી શાહ, જેસી હસમુખભાઈ શાહ, જેસી વિરેન્દ્ર શાહ, જેસી વિનોદ પટેલ, જેસી રવી શાહે કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

ડીડીઓ વિશાલ ગુપ્તાએ જેસીઆઈ મોડાસાના સભ્યોને સેવાના આ કાર્ય માટે બિરદાવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જેસી મુકુન્દ શાહે અને જેસી ધર્મેન્દ્ર ત્રિવેદીએ કર્યું હતું.

# મોડાસામાં કેરિયર ડેવલપમેન્ટ એકેડેમીનો ફ્રી સેમિનાર યોજાયો



મોડાસા, તા. ૧

મ.લા. ગાંધી ઉ. કેળવણી મંડળ સંચાલિત કેરીયલ ડેવલપમેન્ટ એકેડેમીનો ફ્રી સેમીનાર યોજાયો હતો. સુભાષભાઈ શાહના અધ્યક્ષસ્થાને સચિવાલય કારકૂન અને કોન્સ્ટેબલનો ફ્રી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મોટી સંખ્યામાં ઉમેદવારોએ ભાગ લીધો હતો.

દરેક વિદ્યાર્થીને ફ્રી મટીરીયલ પણ આપવામાં આવ્યું હતું. અન્ય મહાનુભાવોમાં કોલેજ સંકલન સમિતિના અધ્યક્ષ રાજેશ વ્યાસે ભારતીય બંધારણ વિશે પરીક્ષાલક્ષી ચર્ચા કરી હતી. પીસીએસએસના કોઓર્ડીનેટર ડૉ. સંતોષ દેવકરે સચિવાલય કારકૂન અને કોન્સ્ટેબલની પરીક્ષાઓ અંગે વિગતે માહિતી આપી હતી. પ્રા. રાજેશ પરમારે કમ્પ્યુટરના પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી. નિયમિત લેવાનારા આ માર્ગદર્શન વર્ગોમાં દરરોજ ટેસ્ટ લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ અમદાવાદ-ગાંધીનગરથી વિદ્વાન ફેકલ્ટીનો લાભ પણ મળશે તેમ જણાવવામાં આવ્યું હતું.

રજીસ્ટ્રેશન માટે પ્રા. ગીતાબેન અને કાર્યક્રમનું સંચાલન પ્રા. વ્રજેશ પંડ્યાએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

# મહેસાણાના બલોલ ગામે મેગા મેડીકલ કેમ્પ યોજાયો

## આ કેમ્પમાં ૬૫૦થી પણ વધુ દર્દીઓએ લાભ લીધો



મહેસાણા, તા. ૧

આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટની મેડીકલ વીંગ તથા લાયન્સ ક્લબ ઓફ સંવેદના-શાહીબાગના દ્વારા મહેસાણા જિલ્લાના બલોલ ગામમાં તા. ૩૧-૭-૨૦૧૬ને રવિવારે વિના મૂલ્યે મેગા મેડીકલ કેમ્પનું આયોજન થયુ. ગામ બલોલ તથા આજુબાજુના દસેક ગામના ૬૫૦થી વધુ દર્દીઓએ આ કેમ્પનો લાભ લીધો. કેમ્પમાં ઓર્થોપેડિક, ચામડીના, સ્ત્રીઓના, બાળકોના, આંખના, એલર્જી સ્પેશીયાલીસ્ટ તથા એક્યુપ્રેસરના વિવિધ રોગોના અમદાવાદના નિષ્ણાંત તથા નામાંકિત ડૉક્ટરોની ટીમ દ્વારા મેડીકલ તપાસ કરી જરૂરી કેસમાં એક્સરે, લોહીના રીપોર્ટ તથા તમામ દર્દીઓને દવાઓની સેવાઓ વિના મૂલ્યે પુરી પાડવામાં આવી હતી.

મોતીયાના દર્દીઓને વિના મૂલ્યે મોતીયાનું ઓપરેશન કરવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે અને ૧૫૦ દર્દીઓને વિના મૂલ્યે જે તે નંબરના ચશ્મા પણ આપવામાં આવ્યા હતા.

કેમ્પ અમદાવાદના સીનીયર ઓર્થોપેડીક સર્જન ડૉ. કીરણ સી. પટેલે ૨૦૦ જેટલા દર્દીઓની તપાસ કરી આપી હતી અને ઓંગણજની લાયન્સ ક્લબની આંખની હોસ્પિટલના ડૉ. કાંતીભાઈ પ્રજાપતિએ ૧૭૬ દર્દીઓની આંખની તપાસ કરી આપી હતી. ડૉ. આંચલબેન શાહ ચામડીના નિષ્ણાંત, આંખ-કાન-ગળાના ડૉક્ટર, ડૉ. આશીષભાઈ તથા જનરલ ફીઝીશીયન અને એલર્જી સ્પેશીયાલીસ્ટ, ડૉ. નિલય ઠાકોર દ્વારા સેવાઓ મળી હતી.

આજુબાજુના ગામમાંથી આવેલ દર્દીઓને ચા-પાણીની અને હળવા નાસ્તાની સગવડ આપવામાં આવી હતી. આશીર્વાદ ટ્રસ્ટના પ્રમુખ આર.એસ. પટેલે જણાવ્યું હતું કે અમારી મેડીકલ વિંગ દ્વારા દર પંદર દિવસે આ પ્રકારના વિના મૂલ્યે કેમ્પનું આયોજન બલોલ ખાતે કરવાની વિચારણા છે.

# નવી વાસણી ગામે ગળસુંઢાના રોગથી આઠ પશુનાં મોત

## સમગ્ર પંથકના પશુપાલકોમાં ચિંતા ફેલાઈ

બાયડ, તા. ૧

વરસાદની મોસમને લઈ બાયડ તાલુકાના કેટલાક ગામડાઓમાં માનવ રોગચાળો અને પશુરોગચાળો ફેલાયો છે.

બાયડના નવી વાસણી ગામે પશુઓમાં ગળસુંઢાનો રોગચાળો જીવલેણ બનતા ચાર દિવસમાં આઠ જેટલા પશુઓના મોત નિપજ્યા છે. ઉપરાછાપરી પશુઓના મોતથી સમગ્ર પંથકના પશુપાલકોમાં ચિંતા ફેલાઈ છે.

ગળસુંઢાના રોગચાળાથી પશુઓના મોત નિપજી રહ્યા છે. ગળસુંઢા રોગમાં પટકાયેલા પશુનું ગળુ પકડાય જાય છે. મોં અને નાકમાંથી પાણી ટપકે તેમજ શરીરનું તાપમાન નીચે આવવુ વગેરે લક્ષણો લેખાય છે.

રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે લાખો રૂપિયાના ખર્ચે પશુઓ માટે રસીકરણનો કાર્યક્રમ ચાલી રહ્યો છે. જે ગુણવત્તાસભર નથી કે શુ તે પણ ચિંતાનો વિષય છે.

# સિદ્ધપુર એસટી ડેપોમાં ક્લાર્ક નિવૃત્ત થતાં વિદાય સમારંભ યોજાયો

ઊંઝા, તા. ૧

સિદ્ધપુર એસટી ડેપોમાં ક્લાર્ક તરીકે ફરજ બજાવતા સંનિષ્ઠ કર્મચારી અશોકકુમાર ભગવાનભાઈ સુથાર સ્વૈચ્છિક નિવૃત્ત થતાં સિદ્ધપુર એસટી વર્કશોપ ખાતે તેમનો વિદાય સમારંભ યોજાયો હતો. સમારંભમાં મુખ્ય મહેમાન એસટી મધ્યસ્થ કચેરીના મુખ્ય તાલીમ અને સંશાધન વ્યવસ્થાપક હરેશભાઈ એન. કાવટા, પાલનપુર વિભાગીય નિયામક કમલ હસન, સિદ્ધપુર પાલિકા પ્રમુખ અજીતભાઈ મારફતીયા, ઉપપ્રમુખ ગૌતમભાઈ દવે, માજી વિભાગીય નિયામક મુકુંદભાઈ પુરોહિત, નિવૃત્ત ડેપો મેનેજરો સર્વ ડી.કે. ગઢવી, કે.જે. મોગેલ દવે, વિભાગીય કચેરીના પૂર્વ વહિવટી અધિકારી બી.સી. પટેલ, ઈન્ચાર્જ ડેપો મેનેજર ભરતભાઈ ચૌધરી, સ્ટેન્ડ અધિકારી મકબુલભાઈ સિંધી, યુનિયનોના આગેવાનો વગેરેએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ક્લાર્ક અશોકકુમાર સુથારની ઉમદા સેવાઓને બિરદાવી તેઓ સુખમય અને નિરામય જીવન જીવે તેવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

# હિંમતપુર પાટીયા પાસે કારે બાઈકને ટક્કર મારતાં ચાલકનું મોત

હિંમતનગર, તા.૧

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર-ઈડર હાઈવે પર હિંમતપુર પાટીયા નજીકથી રવિવારે પસાર થઈ રહેલ કાર નં.જીજે.૦૯.એજી.૭૯૯૧ના ચાલકે નેરીયજહુહુસેન ફકીરભાઈ મેમણની બાઈકને પાછળથી ટક્કર મારતા ચાલકનું મોત નિપજયુ હતું. જે અંગે હિંમતનગરના મહંમદસદી ગુલામનબી મેમણે જાદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# દેધરોટા હાઈવે પરથી ૧૯ હજારનું ડીઝલ ચોરાયું

## કાંસાના ગ્રામવાસીએ અજાણ્યા શખ્સો વિરૂધ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી

હિંમતનગર, તા.૧

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર-વિજાપુર દેધરોટા ગામના હાઈવે પરથી ગત તા.૨૯ જુલાઈના રોજ સ્વરાજમજદાના ચાલક તથા અન્ય ત્રણ જણાએ ગાડી નં.જીજે.૨.ડબલ્યુ.૮૩૧૩ની ટાંકીમાંથી ૧૭૦ લીટર તથા ગાડી નં.જીજે.૨એકસએકસ.૪૪૨૯ની ટાંકીમાંથી ૧૫૦ લીટર મળી રૂા.૧૯૫૯૬ની કિંમતનું ૩૨૦ લીટર ડીઝલની ચોરી કરી ભાગી ગયા હતા. જે અંગે વિસનગર તાલુકાના કાંસા ગામના રમેશભાઈ જોઈતાભાઈ પટેલે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ રવિવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.